


આપણા છોકરા દેશી ખેતીમાં તો રસ નથી લેતા, કદાચ વિદેશી વનસ્પતિનું કહે છે તે આવે તો કદાચ ફેર પડે...!

## શિક્ષણ-સંસ્કારનો સક્રિય અધિષ્ઠાતા

''મને પગ મુકવાની જગા આપો અને હું પૃથ્વીને હલાવી દઈશ.'' આર્કિમિડિઝના આ શબ્દદેહને ચરિતાર્થ કરવા એક યુવાને બીડું ઝડપ્યું. ''મારે એવા ગામડાની ધરતી પર પગ મૂકવો છે જયાં આજુબાજુ નિરક્ષરતા, જડતા, અંધશ્રધ્ધા, અજ્ઞાનતા, અધુરૂં ઘડતર અને સમજદારીનો અભાવ ચોતરફ વિખરાયેલાં પડ્યાં હોય. આકરાં અંધારાંને ઉલેચી ત્યાં ''દિવ્યજ્ઞાન પ્રકાશ'' ફેલાવતો હતો. ''નવરૂં મન ભૂતનું કારખાનું છે.'' ને ''આળસ જીવતા માણસની કબર છે.'' જેવાં વિધાનોને ઉખેડી ફેંકી દેવા હૈયામાં હોશ અને બાવડામાં જોશ ભરીને એ યુવાન સાબરકાંઠાની શરૂ થતી હદ પહેલાં અમદાવાદ જિલ્લાના ગામની ધરા પર ઉતરી પડ્યો. આ યુવાન બીજો કોઈ નહિ પરંતુ પૂ.શ્રી. બાબુભાઈ સી. શાહ.

''જયાં સાધનાની પરાકાષ્ઠા થાય છે ત્યાં સિધ્ધિ હાથ જોડીને ઊભી રહે છે.''

ઉપર્યુક્ત પંક્તિને સપોષણ આપવા અનેક વિટંબણાઓ વચ્ચે તેઓશ્રીએ ધો-૫ થી ૧૨ની 'પ્રકાશ વિદ્યાલય' સંસ્થા શરૂ કરી. ધીમે ધીમે સમય જતાં અનેક પ્રવૃત્તિઓથી આ સંસ્થા 'નંદનવન' બની ગઈ. આજુબાજુની ૩૫ જેટલાં ગામની પ્રજાને થયું આ તો પ્રભુનો પયગંબર છે, ફિરસ્તો છે. પ્રજાના આનંદ - ઉત્સાહના સીમાડાઓ વિસ્તૃત થયા અને સહકારની ઉમદા ભાવનાઓ ખુલી ગઈ. શરૂ કરેલા શૈક્ષણિક અને સહેતુક યજ્ઞની વિશેષતાઓ તો જુઓ!

● આ સંસ્થાના ટ્રસ્ટીઓ કે સંચાલકો પોતાનાં સંતાનોને આ સંસ્થામાં નોકરીએ રાખી શકશે નહીં.

● સંસ્થામાં લેવામાં આવતા કોઈ પણ કર્મચારી પાસેથી ડૉનેશન કે તેના નામે કંઈ જ લેવું નહીં.

● સંચાલક, પ્રિન્સિપાલ, સ્ટાફ કે સેવકો માનવતાની દૃષ્ટિએ એક સરખા છે, માટે સન્માન તથા વિવેકથી વર્તવું. આવી અનેક સ્પષ્ટતાઓ સાથે પ્રામાણિક આચાર સંહિતા રજૂ કરી.

શૈક્ષણિક સંસ્થાની સાથે સાથે જીવન ઘડતરનાં શૃંખલાબધ્ધ સોપાનો સર કરાવ્યાં છે. ગુજરાતના ખૂણે ખૂણે વિદ્યાર્થીઓને નોકરી ધંધે વળગાડ્યાં છે.

રાજ્યનાં ગવર્નર, મહાન સંતો, સાહિત્યાકરો, કલાકારો, જાદુગરો, ધર્મોપદેશકો, યાત્રિકોને સંસ્થાના આંગણામાં આવકાર્યા છે. મેળાવડાઓ, લગ્નો, સભાઓ, યુવક મહોત્સવો જેવાં ધાર્મિક, સામાજિક કાર્યો માટે સંસ્થાનાં દ્વાર હંમેશાં ખુલ્લાં રાખ્યાં છે.

''સૌનો સાથ, સૌનો વિકાસ'' એ ન્યાયે તેઓશ્રીને અનેક દિશાએથી હૂંફ મળી છે પરંતુ જેને સ્વજન કહેવાય એવી બે વ્યક્તિઓની પ્રેરણા, કર્તવ્યનિષ્ઠા પ્રાપ્ત થયા છે.

મુ. શ્રી. રજનીકાન્ત જે 'કાન્ત'ના હુલામણા નામથી જાણીતા છે. બીજા તેઓશ્રીનાં ધર્મપત્ની શ્રીમતી વિમળાબહેન.

પૂ. બાબુભાઈ વૈષ્ણવ વણિક જયારે 'કાન્ત' જૈન વણિક. ધર્મના છેડા જુદા છે. છતાં સગાભાઈઓને શરમાવે તેવો ભાઈચારો ઉભયપક્ષે જોવા મળે છે.

''બેફામ તોયે કેટલું થાકી જવું પડ્યું;
નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.''

બેફામના શબ્દોને બંને મહાનુભાળોએ પ્રેમથી ઝીલ્યો છે, પડકાર્યો છે.

''જે ભેગું કરીને જીવે તે શહેરની સંસ્કૃતિ;
જે ભેગાં મળીને જીવે તે ગામડાંથી સંસ્કૃતિ''

પૂ. રવિશંકર મહારાજના આ અક્ષર દેહને પૂ. વિમળા બહેને સંસ્થા પોતાનો પરિવાર અને બાબુભાઈને અનેક પ્રેરણાઓની ભેટ આપી છે.

''અતિથિ દેવો ભવઃ''નાં વિધાનને પૂ. વિમળાબહેન સાકાર કર્યું છે.

કોઈ પણ જાણીતી વ્યક્તિ એમનાં ઉંબરે પગ મુકે તે ગરમ ગરમ ગોટા, મહેંકતો શિરો, ઈંડલી, ઢોકળાં, સુખડી કે લાડુ ખવડાવ્યા સિવાય જવા ન દે.

સેવકોથી માંડીને સ્ટાફના સભ્યોએ સંસ્થાના ઉત્કર્ષમાં મહામૂલો ફાળો આપ્યો છે.

પૂ. બાબુભાઈ એટલે પ્રકાશ વિદ્યાલય અને પ્રકાશ વિદ્યાલય એ પૂ. બાબુભાઈ આ છે. આપણા પૂ. વહાલ સોયા, હસમુખા, લાગણીપ્રધાન અને સંનિષ્ઠ બાબુભાઈ.

જો તમારે એમનાં હૃદયની વિશાળતાને માપવી હોય તો બી/૨, કપિધ્વજ એવેન્યુ, નહેરૂ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ - નાં આંગણે જઈ ચડજો.

અવાજ તો 'સાવજ'નોય પાંચ હજારની મેદનીમાં વગર માઈક ચાલે.

પલંગ પર આરામ ફરમાવતા છે છતાં સાહિત્યસર્જકથી માંડીને પ્રવૃત્તિશીલ છે.

- ગિરીશ વરીયા

# ધો. ૧૧-૧૨ના ચારેય સેમેસ્ટરમાં કુલ ૩૩ ટકા ગુણ હશે તો ઉત્તિર્ણ ગણાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે ધો. ૧૧ અને ૧૨ના ચારેય સેમેસ્ટરમાં ૩૩ ટકા ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને ઉત્તીર્ણ જાહેર કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી પાસ થવા માટે ૩૫ ટકા ગુણાંકની જરૂરિયાત હતી હવે ૩૩ ટકાએ પાસ જાહેર કરવામાં આવશે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિ, બોર્ડની કચેરી તેમજ શિક્ષણ વિભાગની આજે મળેલ સંયુક્ત બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ધો. ૧૧ અને ૧૨ના પરિણામો પછી બોર્ડની સમક્ષ આ મુદ્દે ઘણી બધી રજુઆતો મળી હતી. સેમેસ્ટર પદ્ધતિના અભ્યાસની સાથે સાથે પાસીંગ ગુણાંકના ભારાંકમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. સેમેસ્ટર પ્રથા લાગુ કરાયાને એક વર્ષ જ થયુ છે ત્યારે સરકારે પરિણામોને લઈ કરેલા અભ્યાસ અને મળેલા સૂચનો પર વિચારણાને અંતે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યમાં સેમેસ્ટર પદ્ધતિ હેઠળની શૈક્ષણિક પદ્ધતિને એક વર્ષ પુરૂ થયેલ છે ત્યારે વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળાઓ તરફથી મળેલાં સૂચનો પર બોર્ડના અધ્યક્ષ અને અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ની અધ્યક્ષતામાં શૈક્ષણિક અને પરીક્ષા સમિતિની આજરોજ મળેલી સંયુક્ત બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલી. તે અગાઉ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ વિગેરે તરફથી મળેલા સૂચનો/અભિપ્રાય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સાથોસાથ ધોરણ-૧૧ વિજ્ઞાન

**ધો. ૧૧ના બીજા અને ધો. ૧૨ના ચોથા સેમેસ્ટરમાં ૫૦ ગુણના ઓએમઆર અને ૫૦ ગુણ વર્ણનાત્મક પ્રકારના પ્રશ્ને રહેશે માધ્યમિક શિક્ષણ બોર્ડનો મહત્વનો નિર્ણય**

પ્રવાહના બીજા સેમેસ્ટરની ઉત્તરવહીઓના અવલોકનની કામગીરી દરમ્યાન બોર્ડમાં આવેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંવાદ કરી સેમેસ્ટર પદ્ધતિ અંગેના સૂચનો પણ મેળવવામાં આવેલાં, જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ અને વાલીઓએ સેમેસ્ટર પદ્ધતિ અંગેનાં સૂચનો પણ મેળવવામાં આવેલાં, જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ અને વાલીઓએ સેમેસ્ટર પદ્ધતિ પરત્વે સંતોષ વ્યકત કર્યો હતો પરંતુ તેની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવાનો મત વ્યકત કર્યો હતો. આ સમગ્ર બાબતોની વિસ્તૃત ચર્ચા-વિચારણા આજની શૈક્ષણિક અને પરીક્ષા સમિતિની મળેલી સંયુક્ત બેઠકમાં કરવામાં આવી હતી અને વિવિધ વિકલ્પો પરત્વે ચર્ચા-વિચારણા કરી સમિતિએ નિર્ણય કરેલ, જે અનુસાર હવે ધોરણ-૧૧ અને ધોરણ-૧૨નાં વિજ્ઞાનપ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિ હેઠળ વિદ્યાર્થીએ તેનાં ચારેય સેમેસ્ટરમાં જે તે વિષયમાં મેળવેલાં ગુણોનો સરવાળો કરવામાં આવશે અને તેણે પ્રાપ્ત કરેલાં સરેરાશ ગુણ જો ૩૩ (ડી-ગ્રેડ કે તેથી ઉપર) કે તેથી વધુ થતા હશે તો તેને તે વિષયમાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવશે. જે વિષયમાં 'સુધારણા જરૂરી' (અર્થાત્ ૩૩ માર્કસથી ઓછા) હોય તેવા વિદ્યાર્થીની પૂરક પરીક્ષા ચોથા સેમેસ્ટરને અંતે તુરત જ લેવામાં આવશે અને આવી પૂરક પરીક્ષાનું પ્રશ્નપત્ર ત્રીજા અને ચોથા સેમેસ્ટર (અર્થાત ધોરણ-૧૨નાં) અભ્યાસક્રમ/પાઠ્યપુસ્તકનો આધારિત તૈયાર કરવામાં આવશે. પૂરક પરીક્ષા સહિત હવે ધોરણ-૧૧નાં બીજા સેમેસ્ટર તથા ધોરણ-૧૨નાં ચોથા સેમેસ્ટરનાં પ્રશ્નપત્રોનાં પરિરૂપમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં પ્રશ્નપત્રમાં ૫૦ ગુણાનાં બહુવિકલ્પિય પ્રશ્નોનાં જવાબ ઓએમઆર સીટ પર નોંધવાનાં રહેશે જયારે ૫૦ ગુણનાં પ્રશ્નો વર્ણનાત્મક પ્રકારનાં હશે. વિદ્યાર્થીઓને હવે એકંદર માર્કશીટ અને પ્રમાણપત્ર ચોથા સેમેસ્ટરને અંતે આપવામાં આવશે. આ નિર્ણયને કારણે પ્રથમ અને દ્વિતિય સેમેસ્ટરમાં અનુત્તીર્ણ રહેલાં ૪૫૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. હવે પ્રથમ સેમેસ્ટરમાં અનુત્તીર્ણ રહેલાં વિદ્યાર્થીએ ઓક્ટોબર, ૨૦૧૨માં પૂરક પરીક્ષા આપવાની નહી રહે.

બોર્ડની અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, જુન-૨૦૧૨ થી શરૂ થયેલા ધોરણ-૧૧ના વિજ્ઞાનપ્રવાહના સેમેસ્ટર પદ્ધતિ હેઠળના વિદ્યાર્થીઓ માટેના બીજા અને ચોથા સેમેસ્ટરના પરિરૂપ પણ હવે બોર્ડે લીધેલા નિર્ણય અનુસાર ૫૦ ગુણના બહુવિકલ્પિય પ્રશ્નો ધરાવતા અને ૫૦ ગુણના વર્ણનાત્મક પ્રશ્નો ધરાવતા રહેશે, જ્યારે પ્રથમ અને તૃતીય સેમેસ્ટરનું હાલનું પરિરૂપ યથાવત રહેશે.

તદ્ઉપરાંત, બોર્ડે લીધેલા એક મહત્વના નિર્ણયમાં માર્ચ ૨૦૧૩માં લેવાનાર ધોરણ-૧૦ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં પ્રશ્નપત્રનો ભાગ-'એ' કે જેમાં વિદ્યાર્થીએ બહુવિકલ્પિય પ્રશ્નોના જવાબ ઓએમઆર સીટ પર નોંધીને આપવાનાં રહેશે તેના જવાબો નોંધવા માટેનો સમય હવે ૭૫ મિનિટનાં બદલે એક કલાકનો અર્થાત્ ૬૦ મિનિટનો રહેશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ધો.-૧૨ સાયન્સ પછી ઈજનેરી ફાર્મસીમાં એડમીશન માટે જેઈઈ પરીક્ષામાં અસંગતતા

ગાંધીનગર, તા. ૪

ધોરણ-૧૨ સાયન્સ પછી ઈજનેરી ફાર્મસીમાં જેઈઈની પરીક્ષા ૨૦૧૩થી લેવાવાની છે. જેમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણને ગણિત વિશે પરીક્ષા લેવાશે. પરિણામે એ અને બી ગૃપના વિદ્યાર્થીઓને ફાર્મસીમાં પ્રવેશ માટે મોટી વિસંગતતા ઉભી થાય છે. એ ગૃપનો વિદ્યાર્થી ભૌતિક વિજ્ઞાન, રસાયણ, ગણિત સાથે ભણતો હોવાથી જેઈઈ પરીક્ષા આપીને ફાર્મસીમાં પ્રવેશ મેળવશે.

હવે જ્યારે બી ગૃપનો વિદ્યાર્થી ધોરણ ૧૧-૧૨માં ગણિત ભણ્યો નથી તે કેવી રીતે પરીક્ષા આપી શકશે. બી ગૃપનો વિદ્યાર્થી ગણિતને બદલે જીવ વિજ્ઞાન ભણે છે. હવે જો એવો નિર્ણય લેવાય કે ફાર્મસીમાં બી ગૃપના વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડ અને નીટની પરીક્ષાના આધારે પ્રવેશ અપાય તો એ અને બી ગૃપનું મૂલ્યાંકન સરખું થશે.

## સ્કુલ ઓફ એચિવર કરાટે સ્પર્ધામાં જિલ્લાકક્ષાને ગોલ્ડ-સિલ્વર બ્રોન્ઝ મેળવ્યા

ગાંધીનગર, તા. ૪

સ્કુલ ઓફ એચિવર કુડાસણના અંગ્રેજી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની કરાટે સ્પર્ધામાં જવલંત દેખાવ કરી શાળાનું નામ ઝળહળતું કરેલ છે. સેકન્ડ ગુજરાત સ્ટેટ કક્ષાની કરાટેની જીન કુનેડો સ્પર્ધાના જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પટેલ વિશ્વબંધુ, પટેલ તીથર, યજુ વેન્દ્રસિંહ ગોલ્ડ મેડલ મેળવે છે. જિલ્લા કક્ષાની જીત કુનેડો સ્પર્ધામાં યેશા ઉપાધ્યાય, સાતાપાર્થ મહાજ કુરેશી રોનક જે. ગુપ્તા, પટેલ રાજ ગોલ્ડ મેડલ મેળવેલ છે.

ચોઈકવાંગ ડૉ. હરીફાઈમાં કુરેશી મહારાજ, રાજ પટેલ, ગુપ્તા રોનક, યેશા ઉપાધ્યાય, ગોલ્ડ મેડલ મેળવેલ છે. શાળાનું ગૌરવ વધાર્યું છે. ૧૫ વિદ્યાર્થીઓ સિલ્વર મેડલ ૧૪ વિદ્યાર્થીઓ બ્રોન્ઝ મેળવ્યા છે.

## જાયન્ટ્સ ગૃપ દ્વારા બાપુ ગુજરાત નોલેજ ખાતે રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૪

જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગરે, બાપુ ગુજરાત નોલેજ વિલેજ, વાસન ખાતે તાજેતરમાં રકતદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં નોલેજ વિલેજના વિદ્યાર્થીઓ તથા પદાધિકારીઓએ ૧૨૯ બોટલ યુનિટ રકતદાન કર્યું હતું.

અમદાવાદથી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલા એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બાપુ ગુજરાત નોલેજ વિલેજના આચાર્ય ડૉ. વી.એમ. પટેલ, ટ્રસ્ટી ભરતસિંહ એસ. વાઘેલા, સી.એ.ઓ રાજીવસિંહે રકતદાન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું હતું. બાપુ ગુજરાત નોલેજ વિલેજના ભાવેશે રકતદાન કેમ્પની સફળતા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. કેન્સર હોસ્પિટલ અમદાવાદના તબીબો તથા અન્ય કર્મચારીગણે સદભાવ સાથે રકતદાન મેળવવામાં સારો સાથ સહકાર આપ્યો હતો. જાયન્ટસ ગૃપ ઓમ ગાંધીનગરના પ્રમુખ સાંકાભાઈ પટેલ, ઉપપ્રમુખ બાબુભાઈ પટેલ, ડી.એ. અલ્પેશ પટેલ, પૂર્વ પ્રમુખ નટવરલાલ પટેલ, ગાંધીનગર અર્બન કો.ઓ. બેન્કના ચેરમેન ડી.ટી. પટેલ તથા સક્રિય સભ્ય રમેશભાઈ પટેલે રકતદાન કેમ્પમાં હાજરી આપી ભારે જહેમત ઉઠાવી રકતદાન કેમ્પની સફળતામાં ભાગીદાર થયા હતા.

## ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજમાં જનરલ નોલેજ ટેસ્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનમાં બી.સી.એ. પ્રોગ્રામમાં જનરલ નોલેજ, આઈકયુ ટેસ્ટ લેવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન વધે અને આજના યુગમાં પોતાનું સ્થાન મેળવી શકે એ હેતુથી દર વર્ષ ભાવનગર સ્થિત વિકાસ વર્તુળ ટ્રસ્ટ યોજેલ છે. જેમાં કોલેજ ભાગ લીધો હતો.

## સ્કુલ ઓફ એચીવર દ્વારા પ્રાથમિક શાળાના બાળકોનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સ્કુલ ઓફ એચિવરના ધોરણ ૧થી ૫ના બાળકોને ગાંધીનગરના બાલઘાન સ્થળે તથા ધોરણ ૬ થી ૮ના બાળકોને તાજેતરમાં ગાંધીનગરની જાણીતી અક્ષયપાત્ર સંસ્થા ખાતે પ્રવાસ લઈ જવામાં આવ્યા હતા. પ્રાકૃતિક વાતાવરણમાં સામાજિક સંસ્થા ખાતે બાળકોને જ્ઞાન ગમ્મત મળે. તેઓ આયોજન કરેલ હતું. સમુહમાં અલ્પાહાર, સુખડી પ્રસાદથી આનંદ માણ્યો હતો.


## શિક્ષકદિનની સાર્થકતા શેમાં રહેલી છે?

**યુથ કેમ્પસ**

**- ધ્વનિલ પારેખ**

આજે શિક્ષક દિન! સર્વ પલ્લી રાધા કૃષ્ણનનો જન્મદિવસ શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. (એ સારી વાત છે કે, આજના દિવસે સરકારી રજા નથી હોતી) સાંપ્રત શિક્ષણની પરિસ્થિતિમાં આ શિક્ષક દિનનું મહત્વ જરા વધી જાય છે. આજે શિક્ષણનું ક્ષેત્ર એવું છે કે, જ્યાં સૌથી વધારે અતત્રંતા જોવા મળે છે. જે ક્ષેત્ર સૌથી વધારે સમૃદ્ધ અને વિકસિત હોવું જોઈએ એ ક્ષેત્ર સૌથી પાછળ છે. આ વાત ભારતની શૈક્ષણિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરી રહ્યો છું. વિશ્વની ઉત્તમ સો યુનિવર્સિટીઓની વાત જવા દઈએ પણ બસો યુનિવર્સિટીમાં પણ ભારતની ગણી ગાંઠી એકાદ યુનિવર્સિટીનો સમાવેશ થયો છે. આપણી રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ આઈઆઈએમ અને આઈઆઈટી ઉપર આપણને ગર્વ થાય છે. ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની શાંતિ નિકેતનની એક સમયે નામના હતી પણ આ યુનિવર્સિટીઓ સુદ્ધાં વિશ્વની ઉત્તમ યુનિવર્સિટીઓમાં સ્થાન પામી શકી નથી અને એ આ દેશની શૈક્ષણિક સ્થિતિની ચાડી ખાય છે!

આ આખી પરિસ્થિતિ પાછળનો વિચાર કરવાની




આજ નાની જરૂર છે. આજે એટલે આજે જ શિક્ષક દિનના દિવસે! શા માટે વસ્તીની દૃષ્ટીએ વિશ્વમાં બીજા ક્રમે આવનાર દેશના શિક્ષણની ગણતરી વિશ્વમાં ક્યાંય કરવામાં આવતી નથી. ( આ ફરી આપણો ભવ્ય ભૂતકાળ યાદ કરવા જેવો છે. નાલંદા, તક્ષશિલા વગેરે વિદ્યાપીઠો અને એની શૈક્ષણિક પ્રવત્તિઓ!)આજે પણ ભારતની યુનિવર્સિટીઓમાં વિદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવે છે. ખરા પણ એમની વિદ્યાકીય જરૂરીયાતો સંતોષાઈ છે કે કેમ ?- શિક્ષણક્ષેત્રે છે એમને હવે એમાં બહુ રસ રહ્યો નથી. છઠ્ઠા પગાર પંચ પછી તગડો પગાર મળે છે અને પગાર એ જ રસનું કેન્દ્ર બનતો જાય છે. (હા, અમદાવાદ દરેક ક્ષેત્રમાં હોય એટલે મહેબાની કરી કોઈએ બંધ બેસ્તી પાઘડી ન પહેંરવી!) અને હા આ વાત માત્ર કોઈ એક સ્તરના શિક્ષણને જ લાગુ પડે છે એવું નથી. આંગણવાડી શિક્ષણથી શરૂ કરીને સ્નાતક, અનુસ્નાતક સુધીના શિક્ષણના સ્તરને લાગુ પડે છે!

'શિક્ષક કભી સાધારણ નહીં હોતા...' ચાણક્યનું આ વ્યાક્ય જાણીતું છે. ચાણક્યને પોતાને ખબર હતી કે એ સાધારણ નથી અને એણે અસાધારણ કાર્ય કરવાનું છે. આજે ! આજે 'શિક્ષક જ સાધરણ હોય છે...' એવી વાત અતિશયોક્તિ લાગે તો પણ કહેવી પડે એમ છે. શિક્ષક દિનની આપણે ત્યાં ભાવપૂર્ણ રીતે ઉજવણી થતી હોય છે પણ પછી ભાવા ગુમ થઈ જાય છે. અને શિક્ષણ પૂર્ણ થઈ જતું હોય છએ. ભાવ અને પૂર્ણ વચ્ચે એક લાંબુ અંતર આવી જાય છે. આ અંતર આવતા શિક્ષક દિનના દિવસે એક દિવસ પૂરતું ઘટતું હોય છે અને ફરી પાછી એની એ જ સ્થતિ! ટૂંકમાં, શિક્ષક દિન પણ હવે સરકારી કે વાર્ષિક કાર્યક્રમની જેમ કાર્યક્રમ બનતો જાય છે. આ સ્થિતિમાંથી બહાર આવવાનો હાલ તો એક જ માર્ગ નજરે ચડે છે. આપણી આસપાસ આજે પણ થોડા ઘણા જાગૃત શિક્ષકો છે કે શિક્ષણના ક્ષેત્રને ખરેખર દિપાવી શકે એમ છે, અજવાળી શકે એમ છે. જે શિક્ષકોમાં થોડું ઘણું તેજ પડ્યું છે એ શિક્ષકોએ અને એ તેજમાંથી નવાં કોડિયા પ્રગટાવવાનાં છે. આ શિક્ષકોને કોઈ નિમંત્રણ આપવા આવવાનું નથી. એણે સામે ચાલીને પહેલ કરવાની છે. અને એ જે ક્ષેત્રમાં છે એને ઉજવવાનું કામ કરવાનું છે. આવા થોડા ઘણા શિક્ષકો, શિક્ષણના તમામ સ્તરના શિક્ષકો આજના દિવસે આવું કશું નક્કી કરે તો શિક્ષક દિનની ખરી સાર્થકતા લેખાશે!

# સર્વોતોમુખી પ્રતિભા ધરાવનાર આજીવન શિક્ષક ડો. રાધાકૃષ્ણને જે કાર્યો હાથ પર લીધા તે દરેક પર પોતાની ઉત્તમ પ્રતિભાની અમીટ છાપ છોડી હતી

## આજીવન શિક્ષક : ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

**પ્રસંગસર**

**- વસંતભાઈ ગઢવી**

મહાન વિચારક - ચિંતક પ્લેટોએ 'ફિલોસોફર કિંગ'ની જે કલ્પના કરેલી તે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને જયારે ભારતનાં રાષ્ટ્રપતિ તરીકે ૧૯૬૨માં શપથ લીધા ત્યારે જાણે કે પુરી થઇ હતી. આવી જ કલ્પના ભારતીય શાસ્ત્રોમાં 'રાજર્ષિ'ની પણ કરવામાં આવી છે. તે પણ ડો. રાધાકૃષ્ણનને સંપૂર્ણપણે લાગુ પડે છે. સર્વોતોમુખી પ્રતિભા ધરાવનાર આજીવન શિક્ષક ડો. રાધાકૃષ્ણનને જે કાર્યો હાથ પર લીધા તે દરેક પર પોતાની ઉત્તમ પ્રતિભાની અમીટ છાપ છોડી હતી. કદાચ ભાગ્યે જ કોઇ એવી વ્યક્તિ હશે કે જેને દેશ-વિદેશની ૧૦૦થી વધારે યુનિવર્સિટીઓને ઓનનરી ડોકટરેટની પ્રતિષ્ઠિત પદવી એનાયત કરી હોય, આજે પાંચમી સ્ટેમ્બરે સમગ્ર દેશમાં તેમનાં જન્મદિનની ઉજવણી શિક્ષકદિન તરીકે થશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં પણ આ મહામાનવના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. એક તેહસીલદારના પુત્રે સરસ્વતીની પ્રસન્નતા સખત પરિશ્રમ કરી પ્રાપ્ત કરી અને જીવનમાં કેટલાય ઉન્નત શિખરો સર કર્યા. તેમનું કોલેજનું શિક્ષણ વેલોર અને ક્રિશ્ચિયન કોલેજ ચેન્નઇમાં થયું. અભ્યાસના વિષય તરીકે ફિલોસોફીની તેમની પસંદગી હતી. તેમણે વેદો અને ઉપનિષદોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ૧૯૦૮માં તેઓ સ્નાતક થયા બાદ શિક્ષણની સેવામાં જોડાયા. કારકિર્દીની શરૂઆતથી જ પ્રાધ્યાપક તરીકે તેમનામાં રહેલું વિષયોનું અગાધ જ્ઞાન તથા ઊંડી સમજ પ્રગટ થવા લાગ્યા. થોડા વર્ષોમાં જ તેઓ આંધ્ર યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે નિમાયા.

ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં નિતિશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિમણૂંક મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. બનારસ યુનિવર્સિટી તથા દિલ્હી યુનિવર્સિટીમાં પણ તેમણએ કુલપતિનું પદ શોભાવીને શૈક્ષણિક કાર્યમાં ઉત્તમ માર્ગદર્શન આપ્યું. અભિવ્યક્તિનું અસાધારણ કૌશલ્ય પણ તેમને વરેલું હતું. દેશમાં અને વિદેશમાં એક અસાધારણ પ્રતિભા ધરાવતા શિક્ષક તરીકે તેઓ ખ્યાતિ પામ્યા અને એટલે જ તેમનો જન્મદિન શિક્ષકદિન તરીકે માનવામાં આવે છે તે ઉચિત છે. સમાજ પણ એક ગૌરવશાળી શિક્ષકનું કરી શૈક્ષણિક કાર્યમાં જોડાયેલા સૌ શિક્ષકો - ગુરૂજનો પ્રત્યે પોતાની કૃતજ્ઞતા આ અવસરે વ્યક્ત કરવાની તક મેળવે છે.

ડો. રાધાકૃષ્ણને શિક્ષણ અંગેના તેમના સમગ્ર ચિંતનમાં બાળકના શિક્ષણને લગતી બાબતો પર વિશેષ મહત્ત્વ આપ્યું છે. બાળક પર શિક્ષણને લાદવાની રીત સામે તેમને સ્પષ્ટ



અણગમો હતો. કેળવણીના માધ્યમથી બાળકના સર્વતોમુખી વ્યક્તિત્વનો વિકાસ થાય તેના તેઓ આગ્રહી હતા. માનવનું નિર્માણ થાય તેવા શિક્ષણના પાયા ઉપર જ તંદુરસ્ત સમાજનું નિર્માણ શક્ય છે. શિક્ષકોએ પણ બાળકોની કસોટીમાંથી સફળતાપૂર્વક પાર ઉતરવું જરૂરી છે તે વાત તેઓ કહેતા. શિક્ષકોના જીવન જીવવાની પધ્ધતિને બાળકો ઝીણી નજરે જોતા હોય છે. તેમના વર્તનની બાળમાનસ પર અમીટ છાપ પડે છે. દેશને અનેક વિદ્વાન રાષ્ટ્રપતિઓ સદ્ભાગ્યે સાંપડ્યા છે. સાંપ્રત સમયમાં તેમનું જીવન તથા તેમનું યોગદાન વિશેષ પથદર્શક બની શકે તેમ છે.

શિક્ષક ઉપરાંત તેઓ એક ઉત્તમ રાજનીતિજ્ઞ પણ પુરવાર થયા અને યુનેસ્કોના એક્ઝીક્યુટીવ બોર્ડમાં પસંદગી પામ્યા. ભારત સરકારના એલચી તરીકે સોવિયત સંઘમાં કામ કરીને તેમણે આ બંને દેશો વચ્ચે સૂમેળભર્યો સંબંધોનો પાયો નાખ્યો. દુનિયાભરમાંથી તેમને પ્રવચનો આપવા માટેનાં નિમંત્રણો મળતા હતા અને ભારતીય સંસ્કૃતિ તથા હિંદુ ધર્મ વિશે તેઓ અધિકારપૂર્વક વાત કરી શકતા હતા. તેમણે ઘણાં પુસ્તકો લખ્યા તેમાં હિન્દુ સંસ્કૃતિ - પરંપરા વિશે વિસ્તૃત સમજ આપતો ગ્રંથ 'ધ હિન્દુ વ્યુ ઓફ લાઇફ' વિશેષ પ્રસિધ્ધ પામ્યા. 'માય સર્ચ ફોર ટ્રુથ' એ તેમની સંપૂર્ણ આત્મકથા છે.

ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે બે વખત અને પછીથી રાષ્ટ્રપતિ તરીકે આ પદને ગૌરવ આપનાર ડો. રાધાકૃષ્ણન કર્ણાટકી સંગીતના શોખીન અને પ્રશંસક હતા. ૧૭મી એપ્રિલ ૧૯૭૫ના દિવસે આપણી વચ્ચેથી શારીરિક રીતે તેમણે વિદાય લીધી. પરંતુ તેમનું અગાધ જ્ઞાન અને તાર્કિક ચિંતન પુસ્તકો સ્વરૂપે આજે પણ આપણી વચ્ચે જીવંત છે, માર્ગદર્શન છે.